# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2024** **Midday : 2.30 to 2.35**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NARAMDA & TAPI Dam full

ચાલુ મોસમમાં સારો વરસાદ પડવાથી રાજ્યનાં બે મોટાં ડેમ નર્મદા અને ઉકાઇ તેમની સંપૂર્ણ સપાટી સુધી ભરાઈ ગયા છે. ગુજરાતમાં જળક્રાંતિ અને કૃષિ ક્રાંતિ માટે જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચી છે. સરદાર સરોવર નર્મદા ડેમ સંપૂર્ણ ભરાતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા આજે નર્મદાના વધામણાં કરવામાં આવ્યા હતા. શ્રી પટેલે નર્મદાને ચુંદડી, શ્રીફળ અને દૂધનો અભિષેક કરીને નર્મદાની આરતી પણ ઉતારી હતી. વધામણાં બાદ નર્મદા ડેમના 10 ગેટ ખોલવામાં આવ્યા હતા. આ સાથે નદીમાં 85 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. તબક્કાવાર પાણી છોડાતા ભરૂચ, નર્મદા અને વડોદરાના 42 ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા.

હવે નર્મદાનું પાણી કચ્છ સુધી જવાનું હોવાથી આગામી દિવસોમાં ઉનાળો આકરો રહે તો પણ બે વર્ષ સુધી ચાલે એટલી માત્રામાં પાણીનો સંગ્રહ થઈ ગયો છે.

દરમિયાન, સારા વરસાદને પગલે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમ 345 ફુટની સંપૂર્ણ સપાટી સુધી ભરાયો છે. હાલ ડેમમાં 8919 ક્યુસેક પાણી ની આવક થઈ રહી છે અને હાઈડ્રો તથા કેનાલ મારફતે 8919 ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે. ડેમ સંપૂર્ણ ભરાતા દક્ષિણ ગુજરાતના ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ડેમ સંપૂર્ણ ભરાતા તાપી, સુરત, નવસારી અને વલસાડ સહિતના જિલ્લાના લોકોને ખેતી માટે આગામી એક વર્ષથી વધુ સમય ચાલે તેટલો પર્યાપ્ત પાણીનો જથ્થો ઉપલબ્ધ થયો છે.

-પીટીસી નર્મદા, તાપી અનિલ, NAVIN

# NAVRATRI UTSAV

3 ઑક્ટોબરથી નવરાત્રીનો પ્રારંભથી રહ્યો છે, ત્યારે રાજ્યના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી તેમજ બહુચરાજી સહિત માતાજીના અન્ય સાત દેવસ્થાનો ખાતે ભવ્ય ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા અંબાજી ખાતે 3થી 11 ઑક્ટોબર જ્યારે મહેસાણાના બહુચરાજી શક્તિપીઠ ખાતે 3થી 12 ઑક્ટોબર દરમિયાન નવરાત્રીનું ભવ્ય આયોજન કરાશે. આ ઉપરાંત નવરાત્રીના નવ દિવસોમાં માતાજીના અન્ય સાત દેવસ્થાન ખાતે પણ એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ તમામ કાર્યક્રમોમાં રાજ્યના ખ્યાતનામ કલાકારો પર્ફોમ કરશે.

-------------------

માહિતી ખાતુ 0 સુનિતા

NAVIN

# MANSUKH MANDIVYA PORBANDAR VISIT

પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે પોરબંદરના પ્રવાસે છે. ગાંધી જયંતિ પ્રસંગે તેઓ સવારે 6 વાગે સ્વચ્છતા અભિયાન અંતર્ગત દરિયા કિનારે સફાઈ કાર્યક્રમાં જોડાશે. સવારે આઠ વાગે તઓ કીર્તિ મંદિર ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરશે તેમજ પ્રાર્થના સભામાં ભાગ લેશે. ત્યારબાદ તેઓ સુદામા ચોક ખાતે સવારે ૭ વાગ્યા શ્રમદાન કાર્યક્રમમાં ભાગ લઈ સ્વચ્છતા અભિયાનમાં ફાળો આપશે. 9.30 કલાકે તેઓ બિરલા હૉલ ખાતે મુખ્યમંત્રીના કાર્યક્રમમાં હાજરી આપશે. બપોરે ૨ વાગ્યે તેઓ કુતિયાણા ખાતે આવેલ ખાગેશ્રી ગામમાં નવીન પી.એચ.સી.નું લોકાર્પણ અને ગ્રામસભાને સંબોધન કરશે અને બ્લડ ડોનેશન કેમ્પ ખાતે હાજરી આપશે.

-------------------

અર્પણા – સુનીતા, NAVIN

# SEVA SETU

થાનગઢ તાલુકા વહીવટીતંત્ર દ્વારા આજે સરોડી પ્રાથમિક શાળા, સરોડી, થાનગઢ ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કર્યું છે જેમાં સરોડી, રામપરા(થાન), લાખામાચી, દેવળીયા, આણંદપુર(થાન), દેવપરા(થાન), હિરાણા, રૂપાવટી (થાન) એમ ૮ ગામનાં નાગરિકો લાભ મેળવી શકશે.

-------------------

માહિતી /સિમ્પલ, NAVIN

# Support prices

ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂતોની વિનામૂલ્યે ઓનલાઇન નોંધણી 3 ઓક્ટોબરથી 31 ઓકટોબર સુધી કરી શકાશે. રાજકોટ જિલ્લાના ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે કે, ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વી.સી.ઇ. મારફતે નાફેડના ઈ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે.

સરકારે વર્ષ ૨૦૨૪-'૨૫ માટે મગફળી માટે રૂ. ૧૩૫૬.૬૦ પ્રતિ મણ મગ માટે રૂ. ૧૭૩૬ પ્રતિ મણ, અડદ માટે રૂ. ૧૪૮૦ પ્રતિ મણ તથા સોયાબિન માટે રૂ. ૯૭૮.૪૦ પ્રતિ મણ ટેકાના ભાવ જાહેર કર્યા છે.

-------------------

PTC- રાજકોટ /સિમ્પલ

NAVIN

# Attempted train derailment

બોટાદના કુંડળી ગામ નજીક ટ્રેન ઉથલાવવાના કાવતરામાં રાણપુર તાલુકાના અળવ ગામના બે શખ્સોને બોટાદ જિલ્લા પોલીસે ઝડપી પાડ્યા છે. 25 નવેમ્બર ના રોજ રેલવે ટ્રેક વચ્ચે જૂનો રેલવેનો પાટો મૂકી ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરનાર આરોપી ઝડપાયા છે. આર્થિક દેવું થઈ જવાના કારણે, ટ્રેનને ઉથલાવી ટ્રેનના ડબા માંથી પેસેન્જર નીચે પડે પછી તેને લૂંટવાના ઇરાદે સમગ્ર પ્લાન ઘડ્યો હોવાનું બોટાદ જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું.

-------------------

બોટાદ /સિમ્પલ, NAVIN

# TRAIN

અમદાવાદ ડિવિઝનથી ચાલતી અને પસાર થતી 3 ટ્રેનો આંશિક પરિવર્તિત કરાયેલા રૂટ પર દોડશે. ઉત્તર રેલવેના ફિરોઝપુર ડિવિઝનના જલંધર કેન્ટ સ્ટેશન પર વિકાસ કામ માટે ટ્રાફિક અને ઓએચઈ બ્લોકને કારણે ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા, જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા અને હાપા-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે પરિવર્તિત કરવામાં આવશે. 5 ઓક્ટોબરની ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહીયાં ખાસ-કપૂરથલા-જલંધર સિટીના રસ્તે ચાલશે.

જ્યારે બીજી ઓક્ટોબરની ટ્રેન જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહીયાં ખાસ-કપૂરથલા-જાલંધર સિટીના રસ્તે દોડશે

આ ઉપરાંત એક અને આઠ ઓક્ટોબરે હાપા-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુપરફાસ્ટ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહીયાં ખાસ-કપૂરથલા-જલંધર સિટીના રસ્તે દોડશે તેમ અમદાવાદના પશ્ચિમ રેલવે મંડળ દ્વારા જાહેર કરાયું છે.

------------------

અખબારી યાદી – હર્ષલ પંડ્યા, Navin

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

....................................